**દિ.પ.અ.નં. ર૯/ર૦ર૫**

**:: આંક–૧ લગત હુકમ ::**

(૧) સદર કામના સામાવાળા મુળ એલ.એ.આર નં. ૩/ર૦રરના કામના સામાવાળા છે અને તેઓએ અત્રેની કોર્ટ ધ્વારા તા.ર૦/૧૧/ર૦ર૪ ના રોજ જાહેર કરેલ હુકમનામામા સુધારા/રીવ્યુ કરવા હાલની અરજી સી.પી.સી કલમ–૧૫ર તથા ૧૧૪ સાથે ઓર્ડર ૪૭ નિ.૧ હેઠળ હાલની અરજી દાખલ કરેલ છે.

(ર) સદરહુ અરજી બાબતે સામાવાળા નં. ર ને સમન્સ કાઢવામા આવેલ છે. જે તેઓને બજતા હાજર થયેલ છે અને મુળ વિલંબ માફીની અરજીમાં લેખિત દલીલ કરેલ હતી જ્યારે હાલના કામે હાલની અરજી કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોય અને માત્ર નાણા ન ભરવાના આશયથી કરેલ હોય અરજી રદ કરવા તેઓના વિ.વ.શ્રી આર.આર.પટેલનાઓએ દલીલ કરી જણાવેલ છે.

(૩) સદર કામે અરજદારના વિધ્વાન વકીલ શ્રી પી.ડી. વ્યાસ દવારા દલીલ કરાયેલ છે કે, ઉપરોકત રેફરન્સના ચુકાદામા થએલ ભુલોને કારણે અરજદાર વેસ્ટર્ન રેલ્વેને મોટુ નુકશાન જાય તેમ હોય તેથી હુકમનામામા સુધારો કરવો જરુરી હોય રીવ્યુ ફાઈલ કરવામા થએલ વિલંબ માફ કરવો જોઈએ.

(૪) સદર કામે રિવ્યુ અને વિલંબ માફીની બાબતે કાયદાકીય જોગવાઈઓ સાથે એલ.એ.આર. નંબર– ૩ /ર૦રર નુ હુકમનામુ ધ્યાને લેતા તેમા કોઈ એપરન્ટ એરર ઓન ફેઈસ હોય તેવુ અરજદાર જણાવી શકેલ નથી. વધુમા કોઈ ટાઈપોગ્રાફીકલ ભુલ હોય કે એરીથમેટીક ભુલ હોય

તો તે સુધારી શકાય પણ તે સિવાય કોર્ટના અવલોકનો સુધારવા માટે અરજી મુજબની સત્તા વાપરી ન શકાય તેવુ પ્રસ્થાપિત જ થએલ છે.

(૫) હાલના કામે અરજદાર તરફે રીવ્યુના કારણમાં કલમ ૧૧ મુજબનો એવોર્ડ તા.૦૧/૦૨/૨૦૦૫ દર્શાવેલ છે અને ત્યારબાદ સદરહુ જમીનનો કબજો તા.૧૯/૦૬/૨૦૦૩ ના રોજ લીધેલ હોય તેમ નામ કોર્ટના હુકમ તથા હુકમનામામાં કલમ ૨૩(૧)(એ) મુજબનો સુધારો કરવો જરૂરી હોય તેમ જણાવેલ છે અને જો આસુધારો ના કરવામાં આવે તો સામાવાળા નં. ૨ ને ખુબ જ મોટૂ આર્થિક નુકસાન થાય તેમ હોય હુકમનામામાં થયેલી ટાઇપોગ્રાફી મીસ્ટેક પ્રથમ દર્શનીય જણાઇ આવતી હોય તેમાં સુધારો કરવો જરૂરી હોવાનુ અને તે પ્રમાણેના ભાવ વધારાના આદેશ કરવા અરજ કરેલ છે. આમ, અરજદારની અરજીમાં જે કારણ છે તે ટાઇપોગ્રાફી મીસ્ટેક હોવાનુ જણાવે છે પરંતુ ખરેખર આવી ટાઇપોગ્રાફી ભૂલ થયેલ હોય તેવુ જણાઇ આવતુ નથી તેમ અમારૂ માનવુ છે.

(૬) વધુમાં હાલના કામે અરજદાર દવારા વ્યાજની તકરાર રિવ્યુના પરીપ્રેક્ષમાં લીધેલી છે અને અરજદારને રેફરન્સ કોર્ટ દવારા મંજુર કરવામાં આવેલ વ્યાજ બાબતે કોઇ તકરાર હોય તો આવી તકરાર રિવ્યુના પરીપ્રક્ષમાં આવતી નથી અને એના માટે કાયદાકીય રીતે અપીલની જોગવાઇ હોય સદર કામે કેસનું રેકર્ડ તથા કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લેતા હાલના કામે કાયદાની કે હકીકતની કોઇ દેખીતી ભૂલ ચુકાદામાં કે હુકમનામામા થયેલ હોય એવુ ફલીત થતું ન હોય અરજદાર દવારા કરવામાં આવેલ રિવ્યુ અરજી આથી ટકી

શકે તે પ્રકારની ન હોય અરજદારની અરજી મંજુર કરવાપાત્ર ન હોય તેમ ઠરાવી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**: આખરી હુકમ :**

(૧) આથી અરજદારની રિવ્યુ અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) પક્ષકારોએ અરજીનો ખર્ચ જાતે ભોગવવો.

સદરહુ ચુકાદો આજરોજ તારીખ : ૩૦, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૩૦/૦૩/૨૦૨૬**
**સ્થળ : ગાંધીનગર**

**(ચિરાગકુમાર કાળીદાસ પીપલિયા)**
**બીજા એડી.સીની.સીવીલ જજ,ગાંધીનગર**
**કોડ નં.જીજે–૦૦૯૯૪**